# ખેડૂતોને દૂધનો પગાર ન મળતા ખેડૂતોએ ધાનેરાની બનાસ બેંકમાં હંગામો મચાવ્યો

## ધાનેરામાં ખેડૂતોએ વિશાલ રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું : જો સરકાર નિર્ણય નહિ કરે તો તેનું પરિણામ ભોગવાની તૈયારીમાં રહે : ખેડૂતો

ધાનેરા, તા.૨૭

ધાનેરામાં આવેલી બનાસ બેન્કમાં પૈસા ખૂટી જતા ખેડૂતો એ હંગામો મચાવ્યો હતો ધાનેરા દિવસ છે ત્યારે લોકો તેમજ ખેડૂતો ની મુશ્કેલીમાં દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યા છે ખેડૂતો વહેલી સવાર થી સાંજ સુધી ખાધા અને લેવા માટે અમે બેન્ક માં આવીએ છીએ છતાં પણ અમને અમારો પગાર મળતો નથી અમારો અડધો પગાર તો ભાડામાંજ નીકળી જાય હતો કે વર્ષો થી દૂધ નો પગાર ડેરી ઉપર જ થતો હતો અને હવે ડેરી ઉપર એટીએમ મુકવામાં આવ્યા છે છતાં પણ એટીએમ માં પૈસા જોવા અમને ૨૪ હાજર રૂપિયા પણ નથી માલ્ટા માટે સરકારે આ બાબતે તાત્કાલિક ધોરણે નિકાલ લાવવો જોઈએ નહીંતર ખેડૂતોએ ઉગ્ર





પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મામલો થાળે પડ્યો હતો તો બીજી તરફ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલા ખેડુઓએ મોટી સંખ્યામાં રેલી કાઢી ધાનેરા અમલતદારને આવેદન પત્ર આપ્યું હતું અને જણાવાયું હતું કે અમને અમારો પગાર નહિ મળે તો અમે ઉગ્ર આંદોલન કરશું

નોટબંધીને આજે ૪૯ મોં પીધા વગર બેન્ક માં હેરાન થાય છે છતાં પણ પૈસા ન મળતા ખેડૂતો ને નિરાશ થઈ પરત ઘરે જવું પડે છે ત્યારે આજે ધાનેરા માં આવેલી બનાસ બેન્ક માં પૈસા ખૂટી જતા ખેડૂતો એ હંગામો મચાવ્યો હતો અને ખેડૂતો એ કેમેરા સામે જણાવ્યું હતું કે અમે ૫૦ કિલલોમીટર દૂર થી દૂધ નો પગાર છે અને અમે દૂધ ના પગાર માટે છેલ્લા ત્રણ પગારથી હેરાન થઈ રહ્યા છીએ તો બીજી તરફ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલા ખેડૂતોએ ધાનેરા માં વિશાલ રેલી યોજી હતી અને આ રેલી ધાનેરા ના જાહેર માર્ગો પર ફરી મામલતદાર કચેરી ખાતે પહોંચી સભામાં ફેરવાઈ હતી અને ખેડૂતો ધ્વરા નિર્ણય કરાયો મળતા નથી માટે અમને બેન્ક માંથી પૂરો પગાર આપો અથવા તો અમને દૂધ મંડળી પર પહેલાની જેમ પગાર આપો ખેડૂતો દ્વારા ધાનેરા મામલતદારને આવેદન પત્ર આપી જણાવ્યું હતુંકે કે સરકાર શ્રી ધ્વરા અમને જે સરકાર ધ્વરા ૨૪ હાજર રૂપિયા ની લિમિટ આપવામાં આવી છે તે પણ અમને મંજુર છે પણ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને જણાવ્યું હતું કે જો સરકાર નિર્ણય નહિ કરે તો તેનું પરિણામ ભોગવાની તૈયારીમાં રહે હવે જોવાનું એ રહ્યું કે સરકાર ધ્વરા ખેડૂતો માટે શું નિર્ણય કરવામાં આવે છે કે પછી ખેડૂતો ધ્વરા ઉગ્ર આંદોલન કરવામાં આવે છે તે તો આવનારો સમય જ બતાવશે.

# બનાસકાંઠામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન

પાલનપુર, તા.૨૭

સરહદી બનાસકાંઠા જીલ્લામાં આજે ગ્રામપંચાયતની ચૂંટણીમાં સવાર થી જ મતદારો નો ઉત્સાહ જોવા મળ્યો હતો મતદાન મથક પર લોકો ની મોટી કતારો જોવા મળી હતી આજની ગ્રામ પંચાયત ની ચૂંટણી માં વિધાનસભા કે લોકસભા જેવો ચૂંટણી માહોલ જોવા મળ્યો હતો બનાસકાંઠા જિલ્લા ના ૧૪ તાલુકા માં ૫૫૬ ગ્રામ પંચાયત ની ચૂંટણી નું મતદાન શાંતિપૂર્ણ માહોલ માં સંપન્ન થયું હતુ જિલ્લા માં ૧૬૦૦ જેટલા મતદાન મથકો પર માટે ૧૦ હજાર થી વધુ સરકારી સ્ટાફ ફરજ પર તૈનાત રહ્યા હતા .



ગ્રામ પંચાયત ની ચૂંટણી દરમિયાન મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૩૦૦૦ થી વધુ પોલીસ કર્મીઓને ખડેપગે સેવા બજાવી હતી મતદારો ને કોઈ તકલીફ ન પડે તે માટે મતદાન મથક પર ૧૨૬ જેટલા ચૂંટણી અધિકારી તેમજ ૧૪૮ ઝોનલ અને સેક્ટર ઓફિસર ગ્રામ પંચાયત ની ચૂંટણી માં મતદાન મથક પર બાજ નજર રાખવામાં આવી હતી બનાસકાંઠા જિલ્લા ના ૧૪ તાલુકા માં ૫૨૬ ગ્રામ પંચાયત ની ચૂંટણી માં૧૮૦૦ થી વધુ સરપંચ ઉમેદવાર અને ૫૮૭૬ સભ્યો ચૂંટણી મેદાન ના જંગ માં છે પાલનપુર માં પંથક માં ગ્રામ પંચાયત નીચૂંટણી ના મતદાન સમય પર યુવા મતદારો પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું આજ નું મતદાન અમે આવનારા પાંચ વર્ષમાં ગામ ના સુશાન ના ઉજ્જવળ ભવિષ્ય ને ધ્યાન માં રાખી ને મત આપ્યો છેજો કે મતદાન પૂર્ણ થવાના સમયે ૬૫ ટકા સુધી નોંધાયું હતું તેમજ ત્યાર બાદ ૭૦ થી ૭૫ ટકા મતદાન થવાનો અંદાજ રખાયો છે જે ગત ટર્મ કરતા વધુ હોવાની સંભાવના રખાઈ છે.

# ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉત્સાહભેર મતદાન

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચુંટણીમાં મતદારોએ આનંદ, ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. ગ્રામ પંચાયતોના સરપંચ પદ અને સભ્ય પદના ઉમેદવારોનું ભાવી મતપેટીમાં સીલ થયેલ છે. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં મતદાન બેલેટ પેપર ધ્વારા થયું હતું. અમુક ગ્રામ પંચાયતોમાંથી જાગૃત મતદારોના નામ એકા-એક નીકળી જતાં મતદારોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો હતો. મતદાન પુર્ણ થયા બાદ ચોરે અને ચૌટે એક જ ચર્ચા કોણ જીતશે અને કોણ હારશે ની અટકળો વહેતી થઈ ગઈ હતી.

ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ભારે રસાકસી ભર્યો જંગ જામતાં જાગૃત મતદારોએ હોશે-હોશે મતદાન કર્યું હતું. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પોલીસ ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં રેકોર્ડ બ્રેક મતદાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. મતદાન મથકો ઉપર મતદારોની લાંબી-લાંબી કતારો જોવા મળતી હતી. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ક્યાંક-ક્યાંક ત્રિ-પાંખીયો જંગ જામ્યો હોવાનું જાણવા મળેલ છે. એસ.ટી. બસો ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ફાળવી દેવાતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. એસ.ટી.બસ સ્ટેન્ડોમાં મુસાફરોમાં ભારે રોષ જોવા મળતો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતોની ચુંટણીનું મહત્વ વિશેષ હોવાના કારણે મતદારોમાં ભારે આનંદ,ઉત્સાહ જોવા મળતો હતો. વયોવૃધ્ધ વડીલોએ પણ વ્હીલચેરમાં બેસી મતદાન મથક સુધી આવી ઉત્સાહભેર પવિત્ર મતદાન કર્યું હતું. ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા નવયુવાન મતદારોએ જ્યારે પ્રથમ વાર મતદાન કરતા હતા ત્યારે તેઓ ખુશ-ખુશાલ જોવા મળતા હતા. ગ્રામ પંચાયતોની ચુંટણીમાં સરપંચ અને સભ્ય પદના ઉમેદવારોના ભાવી મતપેટીમાં જાગૃત મતદારોએ સીલ કર્યા હતા. મત ગણતરી તા.૨૯/૧૨/૨૦૧૬ ને ગુરૂવારના રોજ યોજાશે.ઉમેદવારોની હાર-જીતનો ફેંસલો આવશે ત્યારે જાગૃત મતદારો હાશકારો અનુભવશે તેમ જાણવા મળેલ છે.



# અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ૪૪૫ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ સંપન્ન

## અરવલ્લીમાં ૧૮૩ પંચાયતોમાં ૭૧૪ ઉમેદવારો, ૨૧૭૦ વોર્ડ ઉમેદવારો અને સાબરકાંઠામાં ૨૪૬ પંચાયતોમાં ૧૦૬૩ સરપંચ પદના ઉમેદવાર અને ૪૧૩૯ વોર્ડ ઉમેદવારો મળી ૮૦૮૬ ઉમેદવારોનું ભાવિ મતપેટીઓમાં છે

મોડાસા, તા.૨૭

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓની ૪૪૫ ગ્રામ પંચાયતોની આજે યોજાયેલ સામાન્ય ચૂંટણી-૨૦૧૬ માટે આજે સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલ મતદાન બપોર ૧૨ વાગ્યા સુધીમાં સરેરાશ ૩૫ ટકા થવા પામ્યું હતું. જયારે બપોરે ૨ વાગ્યા સુધીમાં સરેરાશ મતદાન ૫૨ ટકા મતદાન નોંધાયું હતું. તે પછી મતદાન કરવા-કરાવવામાં ઉત્સાહ વધ્યો હતો અને સ્થાનિક ચૂંટણીઓ હોવાથી વધુ ઊંચું મતદાન થતું હોઈ આ બંને જિલ્લાઓમાં પણ તે માટે ધસારો જોવા મળી રહ્યો હતો. અરવલ્લીમાં મોડાસા તાલુકા સહિત અને સાંબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત ૮ તાલુકાઓ મળી



કુલ ૧૪ તાલુકાઓમાં ભારે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. જેમાં અરવલ્લી ૭૧૪ સરપંચના ઉમેદવારો અને સાબરકાંઠામાં ૧૦૬૩ સરપંચ પદ માટેના મળી બંને જિલ્લાઓમાં ૧૭૭૭ ઉમેદવારો અને બંને જિલ્લાઓમાં ૬૩૦૯ વોર્ડ સભ્યો માટેના ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીઓ રાજકીય પક્ષો દ્વારા લડાતી નથી પરંતુ, પોતાના પક્ષની વિચારધારાઓમાં માનનારા ઉમેદવારો સરપંચ પદ માટે ઉમેદવારી કરે તે માટેના પ્રયાસોના ભાગરૂપે પણ ઉમેદવારો વધતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૪૪૫ ગ્રામ પંચાયતોમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. આ જિલ્લામાં આ ચૂંટણીમાં ૫૭૩ મતદાન મથકો ઉભા કરાયા હતા અને ૨૦૦૦ જેટલા સુરક્ષા કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠામાં ચાઈનીઝ તુક્કલ અને દોરીના ઉપયોગ પર પ્રતિબંધ

ઉત્તરાયણના તેમજ અન્ય તહેવારો દરમ્યાન સ્કાશય લેન્ટર્સ ઉડાડવાની પ્રથા ચાલુ થયેલ હોઈ સ્કાય લેન્ટમર્સ પવન કે અન્યો વસ્તુ સાથે અથડાય તો આગ લાગવાના બનાવો બને છે. જેથી જાહેર જનતાને, માલ મિલકતને કે પર્યાવરણને નુકશાન ના થાય તે સારૂ સ્કાયલેન્ટર્સ પર પ્રતિબદ્ધ મુકવો જરૂરી જણાતાં જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા, પાલનપુર જેનુ દેવનને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામુ પ્રસિધ્ધે કરી સમગ્ર બનાસકાંઠા જીલ્લાનાં હદ વિસ્તારમાં સ્કાપ લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા તથા ચાઈનીઝ માંજા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર તા.૨૫-૧૨-૨૦૧૬થી તા.૨૫-૦૧-૨૦૧૭ સુધી પ્રતિબદ્ધ મુકવામાં આવ્યો છે.

# ઊંઝામાં સાત ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદાન

ઊંઝા, તા.૨૭

ઊંઝા તાલુકામાં કુલ સાત ગ્રામ પંચાયતોમાં ચૂંટણીમાં લક્ષ્મીપુરા અને ગંગાપુરા ગ્રામ પંચાયતો સરમસ બનતાં બાકી ઉનાવા, બ્રાહ્મણવાડા, અમૂઢ, ભૂણાવ અને ભાંખર ગ્રામ પંચાયતોના સરપંચ અને સભ્યોની આજે એકંદરે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાઈ હતી. આ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદાન માટે સવારથી જ મતદારો મથદાન મથકોમાં ઊમટ્યા હતા. જેથી સવારના સમયે મતદારોની કતારો લાગી હતી. બપોરે ભોજન સમયે મતદાનની પ્રક્રિયા થોડી ધીમી પડી હતી. બાદ મતદારોનો મતદાન માટે ધસારો રહ્યો હતો. કેટલક ગામોમાં ચૂંટણી દરમિયાન સામાન્ય તકરારો થઈ હતી. જો કે પોલીસ બંદોબસ્તને કારણે મામલો શાંત પડી ગયો હતો.

ઊંઝા તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચ પદ માટે કુલ ૧૮ અને સભ્યપદ માટે ૫૮ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેતા આ તમામ ઉમેદવારોનું ભાવિ મતપેટીઓમાં સીલ થઈ ગયેલું છે. તાલુકામાં સંવેદનશીલ એવા ઉનાવા અને ભાંખર ગામોમાં ચૂંટણીને અનુલક્ષીને તમામ બૂથો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ વખતે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઈવીએમ મશીનના સ્થાને બેલેટ પેપરનો ઉપયોગ થયો હતો.

# મહેસાણામાં ૧૫૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ

મહેસાણા, તા.૨૭

મહેસાણા જિલ્લામાં કુલ ૧૫૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી પૈકી ૧૫૧ ગ્રામ પંચાયતોમાં ૧૦૫ સરપંચ અને ૪૧૬ વોર્ડના સભ્યો માટે આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં સામાન્ય તકરારોને બાદ કરતાં એકંદરે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન થઈ હતી. સવારના આઠથી સાંજનાં પાંચ વાગ્યા સુધી જિલ્લામાં અંદાજે ૭૦ ટકા જેટલું મતદાન થયું હતું. આજે મતદાનના દિવસે સવારથી જ મતદારો મતદાન કરવા માટે મતદાન મથકો પર ઉમટ્યા હતા. જેથી સવારના સમયે મતદાન મથકો પર મતદારોની કતારો લાગી હતી. બપોરના સમયે મતદાનની પ્રક્રિયા થોડી ધીમી પડી હતી. બાદ મતદારોનો ધસારો રહ્યો હતો. સાંજે મતદાનનો સમય પૂર્ણ થતા સરપંચ અને સભ્યપદના ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થઈ ગયું હતું.

આ વખતે ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનના સ્થાને બેલેટ પેપરનો ઉપચારો થતોહતો. જિલ્લાના કુલ ૩૨૪ મતદાન મથકોપર કુલ ૨,૪૮, ૨૧૦ મતદારો ઉમેદવારોનું ભાવિ ઘડશે. ચૂંટણી માટે ૧,૯૧૪ જેટલો પોલિંગ સ્ટાફ નિયુક્તિ કરવામાં આવ્યો હતો. જયારે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે કુલ ૭૫૧ પોલીસ કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં મહેસાણા, વિસનગર, વિજાપુર, ખેરાલુ, વડનગર, સતલાસણા, કડી, બેચરાજી, જોટાણા અને ઊંઝા તાલુકામાં બપોરના બાર વાગ્યા સુધી ૩૯.૬૩ ટકા મતદાન થયું હતું. આમાં સૌથી વધુ ૪૮.૨૩ ટકા સતલાસણા અને સૌથી ઓછું વિસનગર ૩૩.૧૧ ટકા હતું. જયારે સાંજના ચાર વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું.



**ખેડબ્રહ્મા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મહિલાઓ મતદાનમાં આગળ**

ખેડબ્રહ્મા તાલુકાની ૧૮ પંચાયતો માટે ૭૫ બુથ પર ૧૮ સરપંચ એન ૧૮૪ સદસ્યો માટે વોટીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા તાલુકાનું સરેરાશ ૬૮ ટકા મતદાન નોંધાયું હતું. જેમાં મતદાન કરવામાં આગળ પંચાયતોમાં મહિલાઓએ મતદાન કરવામાં આગળ રહી હતી. ખેડબ્રહ્મા તાલુકાની ઝાંઝવા પાણાઈમાં ૮૭ ટકા સાથે સૌથી આગળ અને સેબલીયા (મ) ૫૪.૫૯ સાથે સૌથી ઓછું મતદાન નોંધાયું હતું. પુરુષોનું કુલ મતદાન ૬૬.૬૪ અને મહિલાઓનું ૬૯.૩૨ રહ્યું હતું. નાકા પંચાયતમાં મહિલાઓએ ૯૩.૩૩ ટકા મતદાન નોંધાયું હતું. જયારે ઝાંઝવા પાણાઈમાં ૮૯.૮૬ ટકા મતદાન નોંધાયું હતું.

# ધનસુરા પ્રાથમિક શાળાઓમાંથી કોમ્પ્યુટરની ચોરી કરનાર બે ચોર ઈસમો ઝડપાયા

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ધનસુરા પોલીસે ધનસુરા તાલુકાના ગામોની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર સહિત વિવિધ ઈલે. સાધનોની ચોરીના ગુનાઓમાં બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ધનસુરા પોલીસ મથકના પો.સ.ઈ. એમ. બી. ગઢવીને મળેલ બાતમીને આધારે માલપુર ત્રણ રતના પાસે વાહન ચેંકીગ હાથ ધર્યુ હતું. દરમિયાન બાઈક ઉપર આવી ધનસુરા તરફ આવી રહેલ એક શખ્સની હિલચાલ શંકાસ્પદ જણાતા તેની તલાશી હાથ ધરી હતી. જેમાં તેની પાસેથી એક એલસીડી મોનીટર અને એક સીપીયુ મળી આવેલ.

પોલીસે આ આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરતાં તેને બીજા સહ આરોપી અલ્પેશ ઉર્ફે રમેશભાઈ ચાવડા (ચારણ નીકોલ, તા. કઠલાલ, જિ. ખેડા)ની સાથે મળી મોહિતકુમાર ભવાન સિંહ ઝાલા (રહે વાત્રકગઢ, તા.બાયડ) એમ આ બંને આરોપીઓને ધનસુરા તાલુકાના ખડોલ ખરાબા અને કરોલી ગામની પ્રાથમિક શાળાઓમાં ચોરી કરી હતી.

પોલીસ આરોપી મોહિતના ઘરે વધુ તપાસ હાથ ધરતાં તેના ઘરમાંથી કોમ્પ્યુટર સેટ, એલસીડી ટીવી, ૪ મોનીટર તથા ૩ જેટલા સીપીયુ મળી આવ્યા હતા. અને એક એલજી કંપનીનું ૪૨ ઈંચનું એલસીડી ટીવી તથા સેટઅપ બોક્સ અને ૭ સ્ટેબીલાઈઝર મળી આવ્યા હતા. આ બધો મુદ્દામાલ કબજે લઈ પોલીસે વધુ ઊંડી તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં તંત્રની મહેરબાની, વિકાસ અધિકારી ચાર્જમાં, પ્રજા પરેશાન

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જીલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં ધણાં સમયથી વિકાસ અધિકારીનો ચાર્જ માત્ર ચાર્જમાં જ છે અને સ્થાનિકને અપાતાં તંત્ર સામે હાલતો રોષ જોવા મળી રહ્યો છે અને જેને વિકાસ અધિકારી નો ચાર્જ આપવામાં આવ્યો છે તે અધિકારીની પાછલી જન્મ કુંડલી ઉપર નજર કરવામાં આવી નથી અને માત્ર હપ્તાની લ્હાયમાં મીલી ભગતથી સ્થાનિક ને ચાર્જ આપવામાં આવ્યો છે જેને લઈને હાલ પ્રાંતિજ તાલુકાની પ્રજા ને ભોગવવાનો વારો હાલતો આવ્યો છે.

એકબાજુ આપણાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દેશમાં કાળુનાણું , ભ્રષ્ટ્રાચાર દુર કરવાં માગે છે અને રાત્ર- દિવસ નવી-નવી યોજનાઓ ભ્રષ્ટ્રાચાર દુર કરવાં બનાવી રહ્યાં છે. ત્યારે બીજી તરફ સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ ખાતે કેટલાક ભ્રષ્ટ્ર અધિકારી ઓની મહેરબાનીથી છેલ્લાં કેટલાય સમય થી પ્રાંતિજ ખાતે વિકાસ અધિકારી ની ખાલી પડેલ જગ્યા માત્ર ચાર્જ માજ છે અને આ જગ્યા ઉપર સ્થાનિક ને ચાર્જ આપવામાં આવ્યો છે ત્યારે ચાર્જ માં રહેલ એ. જી. પટેલ પોતાનાં ચાર્જનો દુર ઉપયોગ કરી રહ્યાછે અને તાલુકાની જનતાને તથા તાલુકા પંચાયત સાથે સંકળાયેલા લોકોને હાલતો સહન કરવાનો વારો આવ્યો છે અને નાના- નાના કામ માટે પણ કોન્ટ્રાક્ટરોને વજન મુક્યા વગર કામ મળતું નથી તો બીજીબાજુ ગામ્ય વિસ્તારના લોકો જરૂરીયાત દસ્તાવેજો માટે વજન મુક્યાં વગર કામને લઈને ગલ્લાં ટલ્લા ખાવાનો વારો આવ્યો છે અને હપ્તા ઉપર સુધી પહોંચતા હોવાથી તંત્ર પણ બધું જાણતું હોવા છતા મૌનવ્રત ધારણ કર્યુ છે ત્યારે કેટલાક સમાજના લોકો દ્વારા હાલતો નામનાં આપવાની શરતે આવા ભ્રષ્ટ્ર અધિકારીઓ સામે લડી લેવાનાં મુડમાં છે ત્યારે જો સીધું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રાંતિજની તાલુકા પંચાયત માં સીધી તપાસ સોંપવામા આવેતો પ્રાંતિજ તાલુકા પંચાયતની પોલ ખુલ્લે તો નવાઈ નહી અને ચાર્જમાં રહેલ ટીડીઓ એ.જી.પટેલ ની સાથે ઉપરી અધિકારીઓ ની જન્મ કુંડલી મળી આવેતો નવાઈ નહી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧